## જન્મદિને વધામણી



હર્ષદ એચ ગાંધી
મંત્રી
શ્રી સમસ્ત ખડાયતા સમાજ

# પ્રભાવી વાણીથી ગાંધીનગર 'અનુજમય' બન્યું





ગાંધીનગર, તા. ૨૨

છેલ્લા બે દિવસથી ગાંધીનગર શહેર 'અનુજમય' બન્યું છે. બ્રહ્માકુમારી વિશ્વવિદ્યાલયના વૈશ્વિક મુખ્યાલય, માઉન્ટ આબુના સૌજન્યથી ગાંધીનગર પધારેલા પ્રતિભાશાળી વક્તા અનુજભાઈનાં વક્તવ્યો ગાંધીનગરમાં ઠેર-ઠેર યોજાઈ રહ્યાં છે ને પ્રશસ્તિ પણ પામી રહ્યાં છે.

ઉલ્લેખનીય છે કે ભારત સહિત વિશ્વના ૧૪૦ દેશોમાં ૮૫૦૦ સેવા કેન્દ્રોના માધ્યમથી બ્રહ્માકુમારી માનવમાં રહેલાં જીવનમૂલ્યો, ખાસ કરીને શાંતિ, સુખ, આનંદ જેવા દિવ્ય ગુણોને ઉજાગર કરવા કટિબદ્ધ છે અને આ હેતુ માટે નિયમિત સ્નેહ મિલન, મેળા, કૉન્ફરન્સ, પ્રવચન માળાનું આયોજન કરે છે.

આવા જ એ કાર્યક્રમના ભાગરૂપે અનુજભાઈનાં પ્રવચનોનું આયોજન બ્રહ્માકુમારી દ્વારા ગાંધીનગરમાં કરવામાં આવ્યું છે. અલ્હાબાદ યુનિવર્સિટીના સ્નાતક એવા અનુજભાઈ પંજાબ ટૅકનીકલ યુનિવર્સિટીના પત્રકારત્વના અનુસ્નાતક છે. તેમણે મૂલ્ય શિક્ષણ અને આધ્યાત્મિકતામાં અનુસ્નાતક (ઓનર્સ) પદવી મેળવી છે તથા તેઓ સાયકોલૉજીના ગહન અભ્યાસુ છે. તેઓ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેના પુસ્તક 'સ્પેક્ટ્રમ'ના સંપાદક, નવભારત ટાઈમ્સ દૈનિકના કટાર લેખક, દૈનિક જાગરણના ફ્રિલાન્સ રાઈટર અને મૂલ્યનિષ્ઠ સમાજની રચના માટે સમર્પિત હિન્દી પાક્ષિક ઓમ શાંતિ મીડિયાના કટાર લેખક તરીકે કાર્ય કરી રહ્યા છે.

અનુજભાઈનું 'હેપ્પીનેસ ઈન્ડેક્ષ' વિષયે વ્યાખ્યાન સૅક્ટર-૨૭ ખાતે કાર્યરત રાજ્ય અનામત પોલીસ દળ ખાતે યોજવામાં આવ્યું હતું, જેનો લાભ ૭૦ જેટલા અધિકારીઓ અને જવાનોએ લીધો હતો. વક્તવ્ય દરમ્યાન અનુજભાઈએ ખુશ રહેવાનાં પાસાઓની વિગતવાર છણાવટ કરી તેની પ્રૅક્ટિકલ ઍપ્લીકેશન પર ખાસ ભાર મૂક્યો હતો. તેમણે મોક ડ્રિલ દ્વારા કરાવેલા અભ્યાસને સૌએ ખાસ વખાણ્યો હતો.

ગૂજરાત વિદ્યાપીઠ, રાંધેજા પરિસર ખાતે ઍમબીએના વિદ્યાર્થીઓ તથા ફૅકલ્ટીઝ માટે અનુજભાઈએ 'સ્ટ્રેસ ફ્રિ લિવિંગ' વિષયે વક્તવ્ય આપ્યું હતું. જીવનમાં પૈસાને અગત્યના ન ગણતાં પોતાના વિષયમાં પારંગત બનવાની શીખ તેમણે વિદ્યાર્થીઓને આપી હતી.

જીઈબી કૉલોની ખાતે ઍડમિન બિલ્ડીંગમાં મુખ્ય ઈજનેર, અધિક્ષક ઈજનેર અને તમામ ઈજનેરી અધિકારીઓ તથા સ્ટાફ ભાઈ-બહેનો માટે તેમણે 'આર્ટ ઑફ પોઝીટીવ થિંકિંગ' વિષયે સુંદર ઉદાહરણો સહિત વ્યાખ્યાન આપ્યું હતું, જેનો લાભ ૬૦ જેટલા ભાઈ-બહેનોએ લીધો હતો.

કડી સર્વ વિશ્વવિદ્યાલય ખાતે પત્રકારત્વ વિભાગ માટે 'વૅલ્યુબેઝ જર્નાલિઝમ' વિષયે અનુજભાઈનું વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું, જેનો લાભ વર્તમાન અને પૂર્વ વિદ્યાર્થીઓએ લીધો હતો. વિશ્વવિદ્યાલય ખાતે અભ્યાસ સંયોજક મિતેષ મોદી અને મુલાકાતી વ્યાખ્યાતા કુંતલ નિમાવત દ્વારા અનુજભાઈ અને બ્રહ્માકુમારીના સેવક-સેવિકાઓને આવકારવામાં આવ્યા હતા.

વેલ્યુબેઝ જર્નાલિઝમથી ન માત્ર નિશ્ચિંત રહીને લોકચાહના મેળવી શકાય છે પરંતુ લોક કલ્યાણમાં સામેલ થઈને લોકોપયોગી પણ બની શકાય છે એવી રસવાહી વાત તેમણે નાનાં-નાનાં પ્રૅક્ટિકલ ઉદાહરણો સાથે કરાવી હતી, જે વિદ્યાર્થીઓને પ્રભાવિત કરી ગઈ હતી.

મંગળવારે સવારે બ્રહ્માકુમારી સેવા કેન્દ્ર, સૅક્ટર-૨૮ ખાતે અનુજભાઈનું વક્તવ્ય યોજાયું હતું, જેનો લાભ સ્થાનિક ભાવિકો ઉપરાંત પત્રકારોએ પણ લીધો હતો.

ત્યારબાદ બપોરના સમયે સિવિલ હૉસ્પિટલ કંપાઉન્ડ ખાતે કાર્યરત નર્સિંગ કૉલેજ હૉલ ખાતે નર્સિંગના ૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ માટે 'સફળતાની ચાવી' વિષયે અનુજભાઈનું વ્યાખ્યાન આયોજિત કરવામાં આવ્યું હતું, જે દરમ્યાન વિદ્યાર્થીઓ અનુજભાઈથી પ્રભાવિત થયા હતા.

## હરે કૃષ્ણ મંદિર ભાડજ ખાતે આજે ગૌર પૂર્ણિમાની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૨

હરે કૃષ્ણ મંદિર, ભાડજ તા. ૨૩ માર્ચ, ૨૦૧૬ ના રોજ ગૌર પૂર્ણિમાની ઉજવણી કરી રહ્યું છે. આ દિન ભગવાન શ્રી ચૈતન્ય મહાપ્રભુના અવતરણનો શુભ દિવસ છે. મંદિર ખાતે આ ઉત્સવની ઉજવણી સાંજના ૬ વાગ્યાથી શરૂ થશે. ઉત્સવના ભાગરૂપે શ્રી શ્રી નિતાઈ ગૌરાંગની મૂર્તિને સુંદર વિવિધ પુષ્પોથી સુશોભિત પાલખીમાં વિહાર કરાવવામાં આવશે. ભક્તો સર્વોપરી ભગવાનને પ્રસન્ન કરવા માટે મહા સંકિર્તન કરશે.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
કપૂર ઍન્ડ સન્સ
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
કપૂર ઍન્ડ સન્સ
૨.૦૦, ૫.૦૦, ૮.૦૦

**સ્ક્રીન-૪**
છોટા ભીમ (હિમાલયન ઍડવેન્ચર)
સવારે ૧૦.૦૦
તેરા સુરૂર
રાત્રે ૧૦.૦૦
નીરજા
૭.૧૫
ડૅર યુ
૧.૧૫
ચોરના ભાઈ ઘંટીચોર (ગુજરાતી)
૪.૧૫

**સ્ક્રીન-૫**
કપૂર ઍન્ડ સન્સ
સવારે ૧૦.૦૦
તેરા સુરૂર
૧.૦૦
જય ગંગાજલ
૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

# ઈન્ટરનેશનલ સ્કૂલમાં 'નટુકાકા'



ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર ઈન્ટરનેશનલ સ્કૂલની મુલાકાત ટીવી સ્ટાર ઘનશ્યામભાઈ નાયકે ઉત્સાહી વાતાવરણમાં લીધી હતી.

'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' ટીવી સિરિયલના ખ્યાત 'નટુકાકા'નું સ્વાગત શાળાનાં ટ્રસ્ટી અને આચાર્ય ક્રિનાબેન દ્વારા કરવામાં આવ્યું હતું.

બાળકોમાં નટુકાકાની ઉપસ્થિતિને કારણે અનેરો આનંદ અને ઉત્સાહ છવાઈ ગયો હતો. નટુકાકાએ પોતાની આગવી શૈલીમાં બાળકોને સંદેશ આપ્યો હતો કે ભણવાનું પહેલાં, પછી જ ટીવી સિરિયલ વગેરે જોવાની. તેમણે જણાવ્યું હતું કે આપણે આપણી માતૃભાષા સ્પષ્ટ રાખવી જોઈએ અને અભ્યાસમાં બરાબર ધ્યાન આપીને તે સારી રીતે શીખવી જોઈએ. માતૃભાષા એ આપણી મા છે અને અંગ્રેજી એ આપણી માસી છે એમ તેમણે ઉમેર્યું હતું.

૧૦૦થી વધુ ટીવી શ્રેણીઓમાં કાર્ય કરી ચૂકેલાં ઘનશ્યામભાઈ જાણીતી ફિલ્મોમાં પણ પોતાનો અભિનય આપી ચૂક્યા છે અને આજે ૭૨ વર્ષની વયે પણ સતત કાર્યરત છે. 'મુંબઈના રંગલા' તરીકે લોકો તેમને ઓળખે છે એવા નટુકાકા શાળાના કર્મચારીઓ સાથે સૅલ્ફી સમયે ભાવુક બની ગયા હતા.

પોતાનો કિંમતી સમય વિદ્યાર્થીઓને આપવા બદલ શાળા પરિવારે હૃદયપૂર્વક તેમના પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

### કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન

# ઍમઍસસીના વિદ્યાર્થીઓ દ્વારા પ્રદૂષણ માપનારા યંત્રની શોધ

## યંત્ર ૫૦૦ મીટર વિસ્તારમાં પ્રદૂષિત ઝેરી ગેસને કેચઅપ કરી શકવાની ક્ષમતા ધરાવે છે : પ્રોજેક્ટ પાછળ ૬૫ હજાર જેટલો ખર્ચ થયો

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરની જાણીતી શૈક્ષણિક સંસ્થા કડી સર્વ વિશ્વ વિદ્યાલયમાં એમ.એસ.સી.માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓએ દોઢ વર્ષની સખત મહેનત બાદ રૂ. ૬૫૦૦૦ના ખર્ચે પ્રદૂષણ માપક યંત્રની શોધ કરી છે. આ પ્રદૂષણમાપક યંત્ર ૫૦૦ મીટર વિસ્તારમાં પ્રદૂષિત ઝેરી ગેસને કેચઅપ કરી શકવાની ક્ષમતા ધરાવે છે.

કડી સર્વ વિશ્વવિદ્યાલયના રીચર્સ ડીન ડૉ. રાજમલ જૈનના માર્ગદર્શન નીચે એમ.એસ.સી. ફિઝીક્સના વિદ્યાર્થીઓ દ્વારા છેલ્લા દોઢ વર્ષની મહેનતથી પ્રદૂષણ માપક યંત્રની શોધ કરી છે. જેમાં આ યંત્ર લગભગ ૫૦૦ મીટર વિસ્તારમાં પ્રદૂષિત ઝેરી ગેસને કેચ-અપ કરે છે.

આ યંત્ર માઈક્રો કંટ્રોલરથી કનેક્ટેડ ગેસ સેન્શર પર આધારીત છે જેમાં કાર્બનડાયોકસાઈડ અને મીથેન ગેસ તથા તાપમાનનું સેન્સર્સ લાગેલા છે અને જે માઈક્રો કંટ્રોલરમાં કરેલ પોગ્રામ પર આધારીત છે તથા આ સર્કિટ કમ્પ્યુટર સાથે સીરીયલ પોર્ટથી કનેટટેડ છે તેને એમ.એસ.સી.ના વિદ્યાર્થી જનક ઉપાધ્યાયએ તથા તેમની ટીમ મોહમદ સાબીર, મીતાલી પટેલ તથા સાગર પટેલે મળીને બનાવ્યું છે.

કોમ્પ્યુટરમાં એક સોફ્ટવેર બનાવ્યું છે કે તે ગેસ સેન્સર્સના ડેટાને ગ્રાફમાં આઉટપુટ આપી જે તે વિસ્તારમાં તે ગેસનું પ્રમાણ કેટલું છે તે બતાવે છે અને જે મુજબ પ્રદૂષણનું અનુમાન લગાવી શકાય છે.

આ પ્રોજેક્ટ પાછળ અંદાજીત રૂ. ૬૫,૦૦૦ જેટલો ખર્ચ થયેલ છે. કડી સર્વ વિશ્વ વિદ્યાલય દ્વારા વિદ્યાર્થીઓની રિસર્ચ અંગેની પ્રવૃત્તિઓને વેગ આપવા માટે સ્ટુડન્ટ પ્રોજેક્ટ ગ્રાન્ટ આપવામાં આવે છે અને તે અંતર્ગત આ વિદ્યાર્થીઓને તમામ ખર્ચ પ્રોજેક્ટ ગ્રાન્ટ પેટે આપવામાં આવેલ છે. આ પ્રોજેક્ટમાં કોલેજ તથા રેવ ઓટોમેશન પ્રા.લી.નો ટેકનિકલ સહયોગ પ્રાપ્ત થયો છે. વિદ્યાર્થીઓને કે.એસ.વી. યુનિવર્સિટી પરિવાર દ્વારા અભિનંદન સહ શુભેચ્છા આપવામાં આવી છે.

# અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ દ્વારા વિદ્યાર્થી વિદાય સમારોહ





ગાંધીનગર, તા. ૨૨

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન અશ્વિભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના ટીવાયબીકૉમ તથા ઍમકૉમ સૅમેસ્ટર-૪ના વિદ્યાર્થીઓનો વિદાય સમારોહ આજે સવારે શેઠશ્રી ખીમજી વિસરામ હૉલ ખાતે યોજવામાં આવ્યો હતો, જેમાં કૉલેજના ૧ હજારથી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

સ્વાગત પ્રવચન દ્વારા તમામ વિદ્યાર્થીઓને કૉલેજનાં આચાર્ય ડૉ. વિજ્ઞા ઓઝાએ આવકાર્યા હતા. ત્યારબાદ ટીવાયબીકૉમના દરેક ડિવિઝનના એક તથા ઍમકૉમ-૪ના વિદ્યાર્થીઓએ પોતાના કૉલેજ જીવનના અનુભવો વ્યક્ત કર્યા હતા. ત્રણ વર્ષો બાદ પોતાના મિત્રોથી છૂટા પડવાની આ સંવેદનશીલ ક્ષણો દરમ્યાન કેટલાક વિદ્યાર્થીઓ ભાવુક પણ બની ગયા હતા.

આ વિદાયને અનુલક્ષીને ઍફવાય તથા ઍસવાયના વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમની પ્રસ્તુતિ કરી હતી. કાર્યક્રમ સંચાલન પ્રૉ. સોનલ લૅન્ડે દ્વારા તથા આભાર દર્શન પ્રા. નીના ગણેશન દ્વારા કરવામાં આવ્યું હતું.

# યુવાન બાળકોની કારકિર્દીમાં મા-બાપની દરમ્યાનગીરી

**આવો જીવીએ શાનદાર**
**વિનોદ અમલાણી**

એક આર્થિક સંસ્થાનમાં એક યુવાન નોકરી કરે. લગભગ સાતેક વર્ષની નોકરી. લગ્ન પણ થઈ ગયા. નોકરી મળ્યા પછી તેનું ટુંકા સમયમાં પ્રમોશન પણ થઈ ગયું. તે યુવાનના પિતા પણ તે જ આર્થિક સંસ્થાનમાં અધિકારી તરિકે ફરજ બજાવે. એક વખત એ યુવાનની બદલી અંગેનાં કંઈક પ્રશ્નો ઉભા થયા અને થોડા ગુચવાયા. થોડા સમયમાં એ પ્રશ્નનાં નિરાકરણ માટે યુવાનનાં અધીકારીઓ પાસે તેની માતા દોડી ગઈ. માતાએ ઉપરી અધિકારીઓ સાથે વાતચીત કરી, રજૂઆતો કરી, દલીલો કરીને અંતે કામ થઈ ગયું.

થોડા સમય પછી ફરી એક પ્રશ્ન ઉભો થયો. પેલા યુવાને પોતાની રીતે પ્રશ્નો ઉકેલવા પ્રયત્ન કર્યો. પણ સફળ ના થયો. ફરી પાછી તેની માતા ગુસ્સે થઈ અને ઉપલી અધિકારીઓ પાસે દોડી ગઈ. ફરી પાછી ચર્ચાઓ થઈ, દલીલો થઈ, આક્ષેપ-બાજીઓ થઈ અને અંતે પ્રશ્નનું નિરાકરણ આવ્યું. એ યુવાનની માતા ગૃહીણી હતી.

બીજી એક આર્થિક સંસ્થાનનાં સ્ત્રી કર્મચારીની વાત છે. એ સ્ત્રી કર્મચારી પરિણિત છે. તેને બાળકો છે. તેના પતિ પણ સારો વ્યવસાય કરે છે. આ સ્ત્રી કર્મચારીને પણ જ્યારે જ્યારે પોતાની ઓફિસમાં નાના-મોટા પ્રશ્નો ઉભા થાય ત્યારે તેનાં પિતા ઉપરી અધિકારીઓ સાથે વાત કરે, ચર્ચા કરે, દલીલોકરે અને પ્રશ્નનાં નિરાકરણ લાવવાનો પ્રયત્ન કરે. પિતાની દરમ્યાનગીરીથી મોટે ભાગે પ્રશ્નોનાં નિરાકરણ કદાચ આવી પણ જતા હશે, ને કેટલાક પ્રશ્નો ગુંચવાતા પણ હશે. છતાં આ સિલસીલો ચાલુ રહ્યો.

આપણે સૌ આપણી આસપાસ નજર કરીએ તો આપણને આ પ્રકારનાં ઘણા ઉદાહરણો નજરે ચડશે કે જયાં યુવાન, શિક્ષિત, સક્ષમ ને પોતાના પગ ઉપર ઉભા કરી શકવા માટે શક્તિમાન અને પોતાનાં પ્રશ્નોનાં પોતે નિરાકરણ લાવી શકે એવા સક્ષમ હોવા છતાં તેઓનાં મા-બાપ દરમ્યાનગીરી કરતા હશે. આ પ્રકારનાં મા-બાપ પોતાના પતિનાં યુવાન બાળકો માટે સાચી-ખોટી રજૂઆતો કરીને પ્રશ્નોનાં નિરાકરણ માટે છાસવારે દોડી જતા હોય છે. તેઓ શું એવું સાબિત કરવા માંગતા હોય છે, કે પોતે જ બધું જાણે છે, પોતે જ વધુ પડતા સ્માર્ટ છે, માત્ર પોતાની જ દલીલો અને રજૂઆતોથી પ્રશ્નોનાં નિકાલ થઈ શકે, પોતા આ પ્રકારનાં કાર્યો હાથ ઉપર લેશે તોજ પોતાનાં યુવાન બાળકોનું હિત સચવાશે, પોતે પોતાનાં બાળકો માટે કંઈક કરી રહ્યા છે કે પોતે પોતાનાં યુવાન બાળકો માટે મોટું બલિદાન આપી રહ્યા છે?

અલબત, પોતાનાં બાળકો જ્યારે મુશ્કેલીમાં હોય અને તેનાં પ્રશ્નોનાં ઉકેલ ના આવતા હોય ત્યારે મા-બાપ તેમાં દરમ્યાનગીરી કરે અને બાળકોના પ્રશ્નો ઉકેલવા માટે મદદ કરે એમાં કશું જ ખોટું નથી. તેઓની ફરજ પણ છે. છતાં મા-બાપે બાળકોનાં પ્રશ્નોમાં દરમ્યાનગીરી કરતાં પહેલા, પોતે દરમ્યાનગીરી કરશે તો તેની વિપરિત અસરો શું થશે તેનો પણ વિચાર કરવો જોઈએ.

મા-બાપ જ્યારે યુવાન બાળકોની વ્યવસાયિક સમસ્યાઓનાં નિરાકરણ માટે દરમ્યાનગીરી કરવા લાગે છે ત્યારે યુવાન બાળકોને એવી લાગણી થવા લાગે છે કે પોતે કંઈ જ કરી શકે એમ નથી અથવા તો પોતાનાં મા-બાપની દરમ્યાનગીરી સિવાય પોતાનાં પ્રશ્નોનાં ઉકેલ આવશે જ નહિં. મોટી સમસ્યાઓ હોય તો ઠીક છે, પણ નાની નાની સમસ્યાઓનાં ઉકેલ માટે પણ યુવાન બાળકો પોતાનાં માબાપ ઉપર આધાર રાખતા થઈ જાય છે. લાંબા સમયે એવું પરિણામ આવી શકે કે યુવાન બાળકો હમેશાં માટે પોતાનાં મા-બાપ ઉપર સંપૂર્ણ આધારીત થઈ જાય છે ને રોજ બરોજનાં પ્રશ્નો પણ પોતે પોતાની જાતે ઉકેલવા માટે અશક્તિમાન થઈ જાય.

યુવાન બાળકોનાં સહ-કર્મચારીઓ અને તેઓનાં ઉપરી અધિકારીઓનાં મનમાં આ યુવાનો અને તેઓનાં મા-બાપ વિષે ખરાબ છાપ ઉભી થઈ શકે છે. આ કર્મચારીઓ કે જેના મા-બાપ છાસવારે દરમ્યાનગીરી કરતા હોય છે તેઓ તેમના સહ-કર્મચારીઓ અને ઉપરી અધિકારીઓની નજરમાંથી હંમેશા ઉતરી જતા હોય છે. યુવાન બાળકોની ક્ષમતા અને કુશળતા હોય છતાં મા-બાપની દરમ્યાનગીરીને કારણે તેઓને "નિકમ્માં કે યુઝલેસ" જેવી હંમેશાને માટે મહોર લાગી જતી હોય છે. પરિણામે લાંબા ગાળે આ યુવાનોની કારકિર્દીને મોટું નુકશાન પહોંચે છે.

જ્યારે યુવાન બાળકોની માતા ઉચ્ચ અધિકારીઓ પાસે પોતાનાં બાળકોનો પક્ષ લઈને રજૂઆતો કરવા રૂબરૂ જાય છે ત્યારે શક્ય છે તેઓનાં પ્રશ્નોનાં નિરાકરણ આવી પણ જાય, પણ ઉચ્ચ અધિકારીઓ અને સહ-કર્મચારીઓનાં મનમાં આ માતાની ખરાબ છબી ઉપસી આવે. લોકો તેનાં ચારિત્ર્ય ઉપર શંકા કરવા લાગે એવી પણ શક્યતાઓ વધી જાય છે. કયારેક લંપટ અધિકારીઓ આવી પરિસ્થિતીનો ગેરલાભ ઉઠાવવા માટે પ્રયત્નો કરે એવું પણ બની શકે.

મા બાપની આ પ્રકારની વારંવાર દરમ્યાનગીરીથી એવું પણ બને કે તેઓની કંઈ અસર જ ના થાય અધિકારીઓ આવી રજૂઆતો સાંભળવા ખાતર સાંભળે અને પછી નજર - અંદાજ કરે અને ક્યારેક મા-બાપનું અપમાન પણ કરી નાંખે.

સમય, સંજોગો અને સમસ્યાની તીવ્રતાને ધ્યાનમાં રાખીને જો અનિવાર્ય લાગે તો અને તો જ મા-બાપ ધીરજ અને વિનયપૂર્વક રજૂઆતો કરી શકે અને તેનાં સારા પરિણામો પણ આવી શકે. પોતાનાં યુવાન બાળકો સક્ષમ નથી એવું માનીને દરમ્યાનગીરી સતત રીતે કરતા રહે તો ક્યારેક તેનાં બાળકોએ પોતાની કારકિર્દીમાં મોટું નુકશાન સહન કરવું પડે એ શક્યતા છે.

મા-બાપે પોતાની ભૂમિકા ભજવવાની છે. એ ભૂમિકા અસરકારક રીતે ભજવાની હોય છે. માબાપ જ્યારે પોતાની ભૂમિકા ભજવતા હોય ત્યારે તેની અસરકારકતા ગુમાવી ના દે તેનો પણ ખ્યાલ રાખવો પડે અને તો જ પોતાની ભૂમિકા સાર્થક નિવડે છે.

vamlani2000@yahoo.co.uk



## રંગોમાં રંગાઈ જવાને આવો

રંગોમાં રંગાઈ જવાને આવો, આવો, આવો.
મનગમતો તહેવાર મળ્યો છે, એનો લઈ લ્યો લ્હાવો
સજની, હોળી રમવા આવો.
રંગોની પિચકારી માંહે, દિલનાં હેત ભર્યા છં,
રૂપ તમારું ભાળી નમણું, ડાળે ફૂલ ખર્યાં છે.
એક નમાવી ડાળ, જરાક જ તરુવરને મલકાવો,
રંગોમાં રંગાઈ જવાને આવો, આવો, આવો.
જમનાને કાંઠે બેઠાં છે, કૈંક ગોપ ને ગોપી,
તેં તો મારા દિલમાં, તારી પ્રીત પરાણે રોપી.
ફૂલ ને ભમરાનાં ગીતો, આજ વનેવન ગાવો,
રંગોમાં રંગાઈ જવાને આવો, આવો, આવો.
ગાલોમાં ગુલાલ ભરીને, કેસરભીનાં થાઓ,
ઝીણું ઝીણું ગીત મજાનું, હોઠે બજવો પાવો,
પાંપણથી કીકીઓને ઝાલી, આભ લગણ ઝુલાવો,
રંગોમાં રંગાઈ જવાને આવો, આવો, આવો.

## રાધાજીની રીસ

રાધાજી તો રૂસણે ચાલ્યાં, 'મૈં ન ખેલું હોલી !'
કહાનાજી તો બહુ સમજાવે, 'કાહે કરે ઠિઠોલી ?'
ઓ રાધા ગોરી ગોરી, ઓ રાધા ગોરી, ગોરી !
'રૂકમણીને બ્યાહ કિયા ઔર મૈં રહ ગઈ કંવારી,
સતભામાને બ્યાહ કિયા ઔર મૈં રહ ગઈ કંવારી
રાની લાયે સોલા હજાર, પર ઉઠી ના મેરી ડોલી
મૈં ક્યું ખેલું હોલી ? ના, ના, મૈં ક્યું ખેલું હોલી ?
કાનુડાએ શું સમજાવ્યું, 'યે તો કેવલ માયા,
પ્રેમ પ્રભુ કા પ્યારા નિર્મલ, તેરે દિલ સમાયા.
જનમ જનમ કા સાથ હમારા, વો તો હૈ અનહોની.'
ભોળી રાધાને સમજાવી, માથે મટકી ઢોળી,
રાધા બોલી નેણ નચાવી, મૈં ખેલુંગી હોલી,
હાં હાં મૈં ખેલુંગી હોલી, કહાના કે સંગ રંગોલી.

- રણછોડ વી. પરમાર